
# મંગલમય કહાન

ભાગ - ૧



પરમ પૂજ્ય શ્રી કહાન ગુરુદેવશ્રીની આદર્શમય જીવનગાથા...

# મંગલમય કહાન

જેઓશ્રીનો જન્મ ભરતક્ષેત્રના ભવ્ય ભક્તોના જન્મ-મરણના અભાવનું કારણ બન્યો છે એવાં સ્વાનુભૂતિવિભૂષિત, પ્રાતઃસ્મરણીય, પરમ તારણહાર, મંગલમય, કહાન ગુરુદેવશ્રીનો પૂર્ણતાને લક્ષે શરૂઆત કરવાની પ્રેરણા આપતો કલ્યાણકારી ઉપદેશ આપણે સૌ અંતરના ભક્તિભાવભીનાં ઉલ્લાસ-ઉમંગ-ઉત્સાહથી સાંભળીએ છીએ અને સાધનાના પંથે અગ્રસર થવા પ્રયત્નશીલ છીએ. તેઓશ્રીનો આ, તેમ જ અન્ય અનંત અનુપમ ઉપકારો છે. તે વાણીથી કેમ વર્ણવી શકાય? છતાં ભક્તિગીતો દ્વારા તેઓશ્રીનાં અલૌકિક ઉપકારો અને અનુકરણીય ગુણગીતો ગાવાનો તેમજ તેઓશ્રીનાં આદર્શમય જીવનગાથા વર્ણવાનો વિનમ્ર પ્રયાસ કરીએ છીએ, જે વડે તેઓશ્રીનાં પાવન ચરણકમળમાં ભાવનાથી રંગાયેલા, ભક્તિથી ભીંજાયેલા ભાવપુષ્પોને અર્પણ કરીએ છીએ.

## તો પ્રસ્તુત છે ભક્તિગીત: મંગલમય કહાન

ભાવિના ભગવાન એવા પરમ કૃપાળુ ગુરુદેવશ્રીએ આ કાળમાં, આ ક્ષેત્રે, જ્ઞાનની આ રેલમછેલ કઈ રીતે કરી ? જ્ઞાનનો ભંડાર ક્યાંથી લાવ્યા કે જેથી આત્મવૈભવ ખુલ્લો કર્યો ? શ્રુતલબ્ધિવંત ગુરુદેવશ્રીનાં ગુરુ કોણ હતાં ? આવી જિજ્ઞાસા જો થતી હોય તો તેનું સમાધાન એ છે કે પૂજ્ય ગુરુદેવશ્રી ભૂતકાળના ભવમાં મહાવિદેહક્ષેત્રમાં રાજકુમાર તરીકે હતાં. ત્યાં તેઓશ્રી નિયમિતપણે જીવંતસ્વામી શ્રી સીમંધરભગવાનની વાણી સુણવા જતાં હતાં અને ત્યાંથી જ્ઞાનનો ભંડાર નિજ અંતર આત્મામાં ભરીને અહીં આવ્યા હતાં ને જ્ઞાનની રેલમછેલ કરી, જ્ઞાનવૈભવ ખોલ્યો. આ રીતે વ્હાલા વિદેહનાથ શ્રી સીમંધરભગવાન ગુરુદેવશ્રીનાં ગુરુ છે. તો ચાલો, આપણે સૌ ગુરુદેવશ્રીની ભક્તિ-સ્તુતિ કરીએ તે પહેલાં ગુરુનાં પણ ગુરુ એવા શ્રી સીમંધરનાથનું આનંદકારી સ્મરણ કરીએ.

પરમોપકારી કહાન ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાની સાધનાભૂમિ સુવર્ણપુરીધામના જિનમંદિરમાં બિરાજમાન કેવળજ્ઞાનસુપ્રભાતસ્વરૂપ શ્રી સીમંધરપ્રભુનાં દર્શન કરતાં જ રોમાંચ ખડા થઈ જાય છે, ભાવના ઉલ્લસીત થાય છે અને ભક્તિ ઉછળે છે : હે નાથ ! આપશ્રીએ કેવી આત્મધ્યાનની ધૂન જગાવી છે ! જગતમાં ક્યાંય પરિભ્રમણ કરવા જેવું નથી એવું જાણી પદ્માસને બિરાજમાન છો. કરવાયોગ્ય કાંઈ હોય તો આત્મસાધના છે, તે સિવાય બીજું કાંઈ કરવા જેવું નથી. આમ માની આપશ્રીએ હાથ ઉપર હાથ ધર્યો છે. આપશ્રીની નાસાગ્ર દ્રષ્ટિ એમ જાહેર કરે છે કે વિશ્વમાં જોવા-જાણવા જેવો જો કોઈ હોય તો તે છે આનંદમૂર્તિ નિજ શુદ્ધાત્મા. તથા આપશ્રીએ શુધ્ધોપયોગરૂપી અગ્નિમાં રાગ-દ્વેષરૂપી ઇંધણને બાળી નાખ્યા છે. હે પ્રભો ! આપશ્રીનાં ચરણોમાં સવિનય વંદન કરું છું.

દેખોજી સીમંધરસ્વામી, કૈસા ધ્યાન લગાયા હૈ;
કર ઉપર કર સુભગ વિરાજૈ, આસન થિર ઠહરાયા હૈ... દેખોજી .. ટેક

જગતવિભૂતિ ભૂતિસમ તજકર, નિજાનંદ પદ ધ્યાયા હૈ;
સુરભિત શ્વાસા આશાવાસા, નાસા દ્રષ્ટિ સુહાયા હૈ ... દેખોજી .. ૧

કંચન વરન ચલૈ મન રંચ ન, સુરગિરિ જ્યોં થિર થાયા હૈ;
જાસપાસ અહિ મોર મૃગી હરિ, જાતિ વિરોધ નશાયા હૈ ... દેખોજી .. ૨

સુધ ઉપયોગ હુતાસનમેં જિન, વસુવિધિ સમિધ જલાયા હૈ;
શ્યામલિ અલિકાવલિ સિર સોહૈ, માનો ધૂઆં ઉડાયા હૈ... દેખોજી .. ૩

જીવન મરન અલાભ લાભ જિન, સબકો નાશ બનાયા હૈ;
સુરનરનાગ નમહિં પદ જાકે, 'દૌલ' તાસ જસ ગાયા હૈ... દેખોજી .. ૪

***

જીવંતસ્વામી વિદ્યમાન નિજ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સીમા ધરનાર શ્રી સીમંધરદેવનું સ્મરણ કર્યું. હવે આપણે જોઈએ કે પૂજ્ય ગુરુદેવશ્રી અહીંયા ભરતક્ષેત્રમાં પધાર્યાં ત્યારે અહીંની પરિસ્થિતિ કેવી હતી, આ ભારતવર્ષમાં ચારે બાજુ શું નજરે પડતું હતું, શું સાંભળવા મળતું હતું.

જ્યાં જોઉં ત્યાં નજર પડતાં, રાગ ને દ્વેષ હા ! હા !
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતી, પુણ્ય ને પાપ ગાથા.
જિજ્ઞાસુને શરણ સ્થળ ક્યાં ? તત્ત્વની વાત ક્યાં છે ?
પૂછે કોને પથ પથિક જ્યાં, આંધળા સર્વ પાસે.
એવા એ કળિકાળમાં જગતનાં, કંઈ પુણ્ય બાકી હતાં;
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં, સદ્‌વસ્તુને ભેટવા.
એવા કંઈક પ્રભાવથી ગગનથી, ઓ કહાન ! તું ઊતરે;
અંધારે ડૂબતા અખંડ સત્‌ને, તું પ્રાણવંતું કરે.

***

ઉપકારી ગુરુદેવશ્રીએ આ ભરતભૂમિને પાવન કરી તે અરસામાં ચારે દિશામાં જ્યાં જોઈએ ત્યાં, આત્માનું અત્યંત બૂરું કરનાર હોવા છતાં, કામભોગસંબંધી કથા જ અર્થાત્ રાગ-દ્વેષ કરવા અને તેના ફળરૂપ હર્ષ-શોક ભોગવવા એવી વાત જ સાંભળવા મળતી હતી. જીવોને તેનો જ પરિચય હતો અને નિરંતર આકુળતાનો જ અનુભવ કરતાં હતાં. ત્યારે સંસારરૂપી સાગર તરવા માટે જિનવાણીરૂપી નૌકા તો હતી, પણ નાવના સાચા સુકાની ક્યાં હતાં ? જિજ્ઞાસુને શરણ મળે એવું કોઈ સ્થળ પણ ન હતું અને કોઈની પાસે સુખની પ્રાપ્તિ કરાવે એવી તત્ત્વની વાત પણ ન હતી. બધા જ અજ્ઞાનથી અંધ હતાં. આવા સમયમાં આપણા કોઈ મહાન પુણ્યોદયે અને સત્પ્રાપ્તિની અંદરમાં ઝંખના-તલસાટ-ધગશ-જિજ્ઞાસા હતી તેના કારણે, ભરતક્ષેત્રના આર્યખંડના ભારતદેશના ઉમરાળાધામે કહાન ગુરુદેવશ્રી પધાર્યાં.

પંખી ઉડતા'તાં હતી એક આશડી, તરસ્યું છીપે જો મળે મીઠી વીરડી... ૧
ઝાંઝવાના જળથી છીપી નહિ તરસડી, એવા મિથ્યા નીરની જ્યારે ખબરૂં પડી...૨
તરસ્યા જીવોને સત્ય વાટ સાંપડી, કે ખારા સમુદ્રે એ છે મીઠી વીરડી... ૩
આત્મધર્મ બોધ્યો છીપાવી તરસડી, અજ્ઞાન સમુદ્રે છો કહાન જ્ઞાન વીરડી...૪

***

સાચા તત્ત્વજ્ઞાનના પિપાસુ જીવોને એક આશા હતી કે જો જ્ઞાનની મીઠી વીરડી મળે તો અમારી તરસ છીપે. પણ ચારે બાજુ—જ્યાં નજર નાખીએ ત્યાં—ઝાંઝવાના જળ સમાન મિથ્યાત્વ જ છવાયેલું દેખાતું હતું અને અજ્ઞાનનો ખારો સમુદ્ર ફેલાયેલો જણાતો હતો. તેવામાં અજ્ઞાનના ખારા સમુદ્ર વચ્ચે એક જ્ઞાનવીરડી દેખાણી, જેણે આત્મજ્ઞાન વડે તત્ત્વપિપાસુ જીવોની તરસ છીપાવી. એ કહાન જ્ઞાનવીરડીનું ભરતક્ષેત્રમાં અવતરણ થતાં, તેના મંગલકારી–આનંદકારી પધરામણીના સૂચક મંગલ મીઠાં સ્વપ્નાં પણ માતા ઉજમબાને આવવા લાગ્યાં. ઉજમબા માતા ક્યારેક ઝબકીને જાગી જતાં ને વિચારે ચડી જતાં કે એવા તે કેવા મહાત્મા કુંખે આવ્યા છે, જેનાથી અમારો જન્મ-અવતાર સફળ થયો ! આવી સુંદર ભાવના અને વિચારોમાં આનંદમય દિવસો પસાર થાય છે અને એક દિવસ વિક્રમ સંવત ૧૯૪૬ ના વૈશાખ સુદ બીજ ને રવિવારે પિતા મોતીચંદભાઈનું આંગણું પાવન-પવિત્ર બને છે, ઘરમાં દિવ્ય પ્રકાશ થાય છે, આકાશમાં દુંદુભિ વાગવા લાગે છે અને..

માતાને સ્વપ્નાં લાધ્યાં ને ઝબકીને જાગ્યાં ઉજમબા,
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને દુંદુભિ વાગ્યાં ઉજમબા... માતાને.. ૧

જોયું હૃદયમાં જાગી ને નીંદડી ત્યાગી ઉજમબા,
કુંખે આવ્યા છે બડભાગી ને ભાવઠ ભાંગી ઉજમબા... માતાને.. ૨

માતાને ઉછરંગ આવ્યો ને સંદેશો સુણાવ્યો ઉજમબા,
માતાપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા... માતાને.. ૩

જોષીએ જોષ એમ જોયા ને મનડાં મોહ્યાં ઉજમબા,
કાં કોઈ નગરીનો રાયા કે જગતારણહારો ઉજમબા... માતાને.. ૪

મીઠડાં ફળ એમ સુણ્યાં ને ઉછરંગ આવ્યા ઉજમબા,
પરમ પુરુષ એ જન્મ્યાં ને તેજ ઉભરાણાં ઉજમબા... માતાને.. ૫

***

પૂનમના પૂર્ણ ચંદ્રમા સમાન શીતળ અને સૂર્યના તેજ સમાન દૈદીપ્યમાન તેજસ્વી બાળકની મુખમુદ્રા જોતાં જ માતા-પિતાનો હર્ષ સમાતો નથી, ઉભરાય છે. ઉભરાય જ ને ! અજ્ઞાન-અંધકારને ભેદીને જેઓશ્રીનાં જ્ઞાનકિરણો આખા વિશ્વભરમાં ફેલાવાના છે, ભવવનમાં ભૂલા પડેલા-ભટકતા ભરતક્ષેત્રના ભવ્ય ભક્તો માટે જેઓશ્રી ભોમિયા સમાન છે એવા મહાપુરુષનું આગમન થતાં કયા માતા-પિતાને હર્ષ ન થાય ! તેના ફળ સ્વરૂપે તુરંત જોષીને બોલાવવામાં આવે છે. જોષી જોષ જોઈને જાહેર કરે છે: આ કોઈ સામાન્ય બાળક નથી, અલૌકિક બાળક છે. તે ભવિષ્યમાં કાં તો કોઈ મહાનગરીનો રાજા થશે અથવા જગતનો તારણહાર મહાધર્માત્મા-જ્ઞાની થશે.

જોષીની આનંદભરી મંગલ જાહેરાત સાંભળી માતા- પિતા તેમ જ કુટુંબીજનો તો ઉલ્લાસથી નાચી ઉઠ્યાં, ઉમરાળાના નગરજનો પણ હર્ષવિભોર થઈ ગયાં. અરે! વૈશાખ મહિનાનો ધોમધખતો તાપ હોવા છતાં કુદરત પણ આનંદથી ડોલવા લાગી. હે ધર્મધુરંધર ગુરુદેવ ! ધન્ય છે આપશ્રીનાં માતાપિતા! ધન્ય છે તે ઉમરાળા ગામ કે જ્યાં આપશ્રીનાં પદપંકજ પડ્યાં ! અહો ! આપશ્રીનાં પાદથી સ્પર્શ પામેલી ધૂળ પણ ધન્ય છે.

ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ, પ્રગટ્યા ધર્મધુરંધર કહાન;
તારાં શાં શાં કરું સન્માન, જગમાં સત્ય પ્રકાશનહાર...

ઓગણીસ છેંતાલીસ વરસે, વૈશાખ બીજ રવિવારે;
ઝળહળ જગમાં ભાનુપ્રકાશ, જન્મ્યા કહાનકુંવર ગુરુરાજ ... ધન્ય...
માતા ઉજમબા કુંખ નંદ, જન્મ્યા ભારતના આ ચંદ ... ધન્ય...

શોભે જન્મભૂમિનાં સ્થાન, જન્મ્યા લાડીલા ગુરુકહાન ... ધન્ય...
ધન્ય ધન્ય માતપિતા કુળ જાત, જન્મ્યા જગના તારણહાર ... ધન્ય...
મારા આતમના આધાર, જન્મ્યા જગના તારણહાર ... ધન્ય...

સીમંધર-સુત જન્મ્યા, ગગને વાજિંત્રો વાગ્યા;
ઇન્દ્રો આનંદમંગળ ગાય, જન્મ્યા કહાનકુંવર ગુરુરાજ ... ધન્ય...
માતા ઉજમબાના લાલ, જય જયકાર જગતમાં આજ ... ધન્ય...

***

કોઈ અવતારી મહા સત્પુરુષનો જન્મ આપણા ગામમાં થયો છે એવી વાત જેમ જેમ ઉમરાળામાં ફેલાવા લાગી તેમ તેમ લોકોનાં ટોળેટોળાં વધામણા લઈને જન્મવધાઈનાં ગીતો ગાતાં ગાતાં મોતીચંદ શેઠની ડેલીએ આવે છે. ચાલો, આપણે સૌ પણ હોંશે – હોંશે જન્મ વધામણા કરીએ...

આજ મંગળ વધાઈ વાગતી રે, કહાન કુંવર જન્મ્યા અહો આજ..
આજ ગુરુજી પધાર્યાં ભરતમાં રે..
ધન્ય ધન્ય ઉમરાળા ગામને રે, ધન્ય ધન્ય ઉજમબા માત.. આજ ગુરુજી....૧
ધન્ય માત પિતા કુળ જાતને રે, જેને આંગણ જન્મ્યા બાળ કહાન.. આજ ગુરુજી....૨
આજ તેજ થયા જન્મધામમાં રે, એના ભરતખંડમાં પ્રકાશ.. આજ ગુરુજી....૩
આજ આનંદ મંગળ ઘેર ઘેર થયા રે, ઠેર ઠેર અહો! લીલા લહેર..આજ ગુરુજી....૪

***

વૈશાખ સુદ બીજ ને વાર, ઉજમબા ઘેર કહાન પધાર્યાં...
ગર્જ્યાં દુંદુભિના નાદ, ઉમરાળા ગામે કહાન પધાર્યાં...
ન માય આનંદ કુટુંબીજન હૈયે, ભાગ્યવાન મોતીચંદભાઈ... ઉજમબા..૧
કહાનકુંવરનો જન્મ જ થતાં, ગંધોદક વૃષ્ટિ થાય... ઉજમબા..૨
કહાનકુંવરનો જન્મ જ થતાં, મનવાંછિત કુદરત થાય... ઉજમબા..૩
કહાન જનમતાં ભરતખંડ ડોલ્યું, જન્મ્યા અનુપમ કહાન... ઉજમબા..૪
મોતીચંદભાઈ ઘેર નૃત્ય આજ થાય છે, ઘેર ઘેર મંગલ થાય... ઉજમબા..૫
દેવ દેવેન્દ્રો મંગલ આજ ગાય છે, ભરતખંડમાં ડંકા થાય... ઉજમબા..૬

***

જ્ઞાન : ભાઈ વૈરાગ્ય ! એ અલૌકિક બાળકનું શું નામ રાખવામાં આવ્યું ?

વૈરાગ્ય : બંધુ જ્ઞાન ! તે બાળકુંવરની ઉગતા રવિ સમાન તેજસ્વી અને સાગર સમાન ગંભીર મુખમુદ્રા જોઈને 'કાનજી' નામ રાખવામાં આવ્યું. એ બાળ કાનજી જ્ઞાનકુંજમાં રમનારા બાળ મહાત્મા હતાં.

જ્ઞાન : પછી માતાના લાડીલા બાળ કાનજી મોટા થતાં ભણવા ગયા હશે ને ?

વૈરાગ્ય : હા, હા. તેણે લૌકિક અભ્યાસ તો કર્યો, પણ જૈન પાઠશાળાનો અભ્યાસ છોડીને નહીં હોં. પછી શું થયું તેની તને ખબર છે ?

જ્ઞાન : હા ભાઈ ! કેમ નહીં ? તેર વર્ષની ઉંમર સુધી જન્મધામ ઉમરાળામાં રહ્યાં. પછી પિતાજી સાથે પાલેજ આવ્યાં. ત્યાં નવ વર્ષ રહ્યાં, જે દરમ્યાન પાંચ વર્ષ પોતે દુકાન ચલાવી અને તે પણ પ્રમાણિકપણે. ત્યારબાદ ૨૪ વર્ષની ઉંમરે આત્મહિતની ભાવનાથી વૈરાગ્યપૂર્વક સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી.

તેજ દેખીને માત મોહ્યાં ને, કહાન નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે, અજબ બાળ લીલા ઉજમબા...

***

પ્રભુ નિર્મળ બાળ લીલાએ, તું વધીયો વિવેક ભાવે;
રહેતો અંતરથી ઉદાસ, અદ્‌ભુત એવી તારી વાત...
ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ, પ્રગટ્યા ધર્મધુરંધર કહાન...

***

બાળકુંવર કહાન જુદા હતાં કોઈ, ખેલતા 'તા જ્ઞાનકુંજ માંહી...
ઉજમબા ઘેર કહાન પધાર્યાં...
વીત્યા વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા, લાગી ધૂન આત્માની માંહી...
ઉજમબા ઘેર કહાન પધાર્યાં...
વૈરાગી કહાને ત્યાગ જ લીધો, કાઢ્યું અલૌકિક કાંઈ...
ઉજમબા ઘેર કહાન પધાર્યાં...

***

બાળ કુંવર કહાન એ લાડીલા રે, માત પૂરે કુંવરના કોડ...
કહાન ગુરુજી પધાર્યાં ભરતમાં રે...
પ્રભુ પારણેથી આત્મનાદ ગાજતા રે, એની મુદ્રા અહો અદ્‌ભુત... કહાન...
કુંવર કહાને અપૂર્વ સત્ શોધિયું રે, એના વૈરાગ્ય તણો નહીં પાર... કહાન...

***

વૈરાગ્ય : પણ બંધુ ! તેઓશ્રીને સત્ય કેવી રીતે પ્રાપ્ત થયું ?

જ્ઞાન : સાંભળ વૈરાગ્ય ! દીક્ષા લીધા પછી આઠ વર્ષ બાદ એ સત્યશોધક આત્માને મહા સમર્થ દિગંબર આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય રચિત સમયસાર પરમાગમ હાથમાં આવ્યું. તેના ઊંડા અભ્યાસથી

નિર્ગ્રંથ વીતરાગ સનાતન દિગંબર જૈનધર્મ જ સાચો માર્ગ છે એ યથાર્થ સત્યનો સ્વીકાર થયો અને ૪૫ વર્ષની વયે સોનગઢ – સુવર્ણપુરીમાં મહાવીર જયંતિના મંગલકારી દિવસે સંપ્રદાય પરિવર્તન કર્યું.

બન્ને સાથે : ધન્ય હો તેઓશ્રીનાં પુરુષાર્થને ! ધન્ય હો મંગલ પરિવર્તનને !
વીતરાગ માર્ગપ્રાપ્ત કહાન ગુરુદેવનો જય હો...

એણે ત્યાગ કર્યો સંસારનો રે, પ્રકાશ્યા મુક્તિ કેરા પંથ...
આજ વંદન કરું ગુરુરાજને રે...
કહાનગુરુએ હલાવ્યા હિંદને રે,અહો ! મલાવ્યો જ્ઞાયકદેવ... આજ...
ધર્મચક્રી ભરતમાં ઊતર્યાં રે, અહો ધર્માવતારી પુરુષ... આજ...
જ્ઞાન અવતારી અહો આવિયા રે, પધાર્યાં સીમંધર-સુત... આજ...
ગુરુદેવનાં ગુણને શું કથું રે, પ્રભુ સેવક તણા શણગાર... આજ...


***

કુંદામૃત પાન પીધાં, નિજ આતમ કાજ કીધાં;
જિનની સાચી રાખી ટેક, જાગ્યો સત્ય સુકાની એક.... ધન્ય....
તારી મહિમા અપરંપાર, તારાં શાં કરી એ સન્માન.... ધન્ય....
**ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ, પ્રગટ્યા ધર્મધુરંધર કહાન..........**
પ્રભુ જ્ઞાન ખજાના ખીલ્યાં, તુજ આતમમાંહી પ્રકાશ્યાં;
દીપે બાહ્યાંતર ગુરુરાજ, જગમાં સત્ય પ્રકાશનહાર.... ધન્ય....
જગમાં બહુ હતાં અંધારા, સૂઝે નહિ માર્ગ લગારા;
સાથી સાચો જાગ્યો કહાન, જગમાં સત્ય પ્રકાશનહાર .... ધન્ય....

***

# મંગલમય કહાન

ભાગ - ૨



પરમ પૂજ્ય શ્રી કહાન ગુરુદેવશ્રીની આદર્શમય જીવનગાથા...

# ભાગ – ૨

પૂજ્ય ગુરુદેવશ્રી આજન્મ વૈરાગી હતાં. બચપણથી જ કોઈપણ અનુકૂળ કે પ્રતિકૂળ લૌકિક પ્રસંગોએ સંસાર – સંયોગ પ્રતિ સદા ઉપેક્ષા રહેતી. તેઓશ્રી ન્યાય વિના પરાણે કોઈ વાત સ્વીકારતા નહીં. દરેક સમયે વિચિક્ષણ નિરીક્ષણ એ ખાસ ગુણ હતો. નાનીવયથી જ તેઓશ્રીને નિરંતર સત્યની શોધ રહેતી અને એ વાતની ખટક રહેતી કે હું જેની શોધમાં છું તે મળ્યું નથી અને જે મળ્યું છે તેમાં મને સત્ય દેખાતું નથી. આ ભવમાં મારે મારા આત્માનું હિત કરી લેવું છે એવી ધૂન પણ સદા રહેતી. સંયોગો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ, સત્યની શોધ અને આત્મહિતની ધૂનના કારણે તેઓશ્રીને અલૌકિક તત્ત્વ હાથમાં આવ્યું અને તેની મીઠી–મધુરી બંસરી સુવર્ણપુરીમાં એવી તો વગાડી કે દેવોને પણ આશ્ચર્ય થયું. ભવિક લોકોનાં ટોળેટોળાં આ અધ્યાત્મ બંસરીના સૂર સાંભળી ડોલવા લાગ્યા. ચાલો, આપણે સૌ પણ એ સૂર સાંભળવા જઈએ...

કહાને એવી બંસરી બજાવી કે, આત્મનાદ ગજાવ્યા ઉજમબા;
થયો ધર્મધુરંધર ધોરી ને જગતારણહારો ઉજમબા....

***

કહાન ગુરુએ બંસરી બજાવી, મીઠાં એ બંસરીના સુર...
સુવર્ણપુરે કહાન પધાર્યાં...
મીઠાં આ સૂર અહીં આવ્યા છે ક્યાંથી, જાગ્યો છે એક કોઈ સંત... સુવર્ણપુરે...૧
ચાલો સહુ એ સુણવા જઈએ, મીઠાં આ બંસરીના સૂર... સુવર્ણપુરે...૨
અવધૂત અલખ જગાડનાર સંત આ, દેવોને આશ્ચર્ય થાય... સુવર્ણપુરે...૩
અધ્યાત્મરસનો રસીલો સંત આ, શ્રુતસાગર ઊછળ્યા મહાન... સુવર્ણપુરે...૪
પાક્યા છે યુગપ્રધાની સંત આ, સેવકને હરખ ન માય... સુવર્ણપુરે...૫

એવા સંતની ચરણસેવાથી, ભવના આવે છે અંત... સુવર્ણપુરે...૬
પંચમકાળે અહોભાગ્ય ખીલ્યાં છે, વંદન હોજો અનંત... સુવર્ણપુરે...૭

***

અવનિ ઉદ્ધારવા, ભવ્યોને તારવા, તારો અવતાર...
કહાન તારી બંસીમાં, ડોલે નરનાર...
સત્યને સ્થાપવા, અસત્યને ઉથાપવા; થયો ભરતમાં તારો અવતાર... કહાન...૧
આત્મ ઉદ્ધારવા, ભવસાગર તારવા; જિજ્ઞાસુ જીવનો સાચો સરદાર... કહાન...૨
અજ્ઞાન મિટાવવા, જ્યોતિ પ્રગટાવવા; જ્ઞાનામૃત સીંચી જીવન દેનાર... કહાન...૩
આત્મદ્રષ્ટિ આપતો, જડતા ઉથાપતો; અજ્ઞાની અમ પર તારા ઉપકાર... કહાન...૪
આત્મસ્વરૂપે લીન, જગથી ઉદાસીન; સાચું પવિત્ર તું જીવન જીવનાર... કહાન...૫
જિનશાસન કાજ, ધર્મ ઉદ્ધારવા જ; ડંકો વગાડ્યો તેં ભરત મોઝાર... કહાન...૬

***

આ પ્રકારે એક આત્માર્થસાધક સંત ભવ્યોને તારવા સુવર્ણપુરીમાં પધારે છે અને આત્માની અલખ જગાડી ભવ્ય જીવોને મોહ નિદ્રામાંથી જગાડે છે. તેઓશ્રીનાં પાવન ચરણોથી સુવર્ણપુરી પવિત્ર અધ્યાત્મ તીર્થધામ બને છે. સર્વના હિતની વાત તેઓશ્રીની વાણીમાં એવી તો આવે છે કે જાણે અમૃતની ધાર !

તેઓશ્રીનાં દર્શનમાત્રથી સુપાત્ર જીવોને સત્‌ની રુચિ જાગે છે અને વાણીથી તો હૃદય પલટો થઈ જાય છે. મેઘગર્જના સમાન વાણીથી સ્વ-પરનું ભેદજ્ઞાન કરવાની વિધિ બતાવી અને ક્રમબદ્ધના સિદ્ધાંત દ્વારા આત્માનું અકર્તા–જ્ઞાતાસ્વરૂપ સમજાવ્યું.

હે પરમોપકારી ! અમે અમારું સર્વસ્વ —તન, મન, ધન, બધુંય—અર્પણ કરીએ તો પણ આપશ્રીનાં ઉપકારોનો બદલો વાળી શકીએ એમ નથી. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો મૂળધર્મ–માર્ગ આપશ્રીએ અમોને આપ્યો–બતાવ્યો છે તેનો પ્રતિ-ઉપકાર વાળવા અમો સર્વથા અસમર્થ છીએ.

સુવર્ણપુરે વસ્યા એક સંત, પધાર્યાં ભવ્યોને તારવા...
જેનાં પગલાંથી કણ કણ પાવન, બન્યું સુવર્ણ તીર્થધામ... પધાર્યાં...૧
અપૂર્વ અલખ કોઈ એણે જગાડ્યો, જગાડ્યાં અનેક ભવ્ય જીવ... પધાર્યાં...૨
સોળ કળાએ જ્ઞાનસૂર્ય પ્રકાશ્યો, પ્રકાશ્યો ચૈતન્યરાજ...પધાર્યાં... ૩
જેની મુદ્રામાં શાંતરસ છવાણા, વાણીમાં અમીરસ ધાર... પધાર્યાં...૪
અંતરપટમાં ગૂઢતા ભરી છે, કળવી મહા મુશ્કેલ... પધાર્યાં...૫
અંતરહૃદયમાં કરુણાનો પિંડ છે, દ્રઢતાનો નહિ પાર... પધાર્યાં...૬
દર્શનથી સત્ રુચિ જાગે છે, વાણીથી અંતર પલટાય... પધાર્યાં...૭
સદ્ગુરુદેવા અમૃત પીરસતાં, સેવક વારી વારી જાય... પધાર્યાં...૮
સિંહકેસરીના સિંહનાદેથી, હલાવ્યું છે આખું હિંદ... પધાર્યાં...૯
સુવર્ણપુરીમાં નિત્ય નિત્ય ગાજતાં, આત્મબંસી કેરા સૂર... પધાર્યાં...૧૦
જ્ઞાતા–અકર્તાનું સ્વરૂપ સમજાવે, સ્વ–પરનો બતાવે ભેદ... પધાર્યાં...૧૧
કલ્પવૃક્ષ અમ આંગણે ફળિયું, મનવાંછિત દાતાર... પધાર્યાં...૧૨
શ્રી ગુરુદેવની ચરણસેવાથી, ભવના આવે છે અંત... પધાર્યાં...૧૩
તન-મન-ધન પ્રભુ ચરણે અર્પું, તોયે પૂરું નવ થાય... પધાર્યાં...૧૪

***

સુવર્ણપુરીના સંતે સુવર્ણપુરીમાં પધારી ભક્તોના આંગણાં તો પાવન કર્યાં, પરંતુ ક્યાં બિરાજમાન થયા ? અદ્‌ભુત યોગીરાજનું સાધનાસ્થાન કયું હતું ? તેનું નામ શું હતું ? તેઓશ્રીએ ત્યાં બિરાજીને શું કર્યું ? ચાલો, આ પ્રશ્નોનું સમાધાન કરીએ.

જ્ઞાનામૃત ભરપૂર અને શૂરવીર બ્રહ્મચારી કહાન ગુરુદેવશ્રીએ સુવર્ણપુરીમાં જ્યાં બિરાજીને સ્વાધ્યાય અને આરાધના કરી તે સાધનાધામનું નામ છે “સ્વાધ્યાય મંદિર”. અહો ! નામ પણ કેવું સાર્થક છે ! કેમ કે તેઓશ્રીએ ત્યાં બિરાજીને નિરંતર સાધના અને શાસ્ત્ર સ્વાધ્યાય જ કર્યો. તેમ જ સવાર-બપોરના

પ્રવચનો દ્વારા ભેદજ્ઞાનની વીણા વગાડી, દરેક દ્રવ્યની સ્વતંત્રતાનો શંખ ફૂંક્યો અને જ્ઞાનનાં વાજાં વગાડ્યાં. તીર્થંકરની દિવ્યધ્વનિના અવયવરૂપ તથા અમૃતમય મેઘસમાન તે પ્રવચનો સાંભળતાં જ ભવ્યમયૂર આનંદથી નાચી ઉઠ્યાં અને ભક્તોના હૃદયસરોવરમાં જ્ઞાનકમળ ખીલવા લાગ્યાં.

હે અચિંત્ય પ્રજ્ઞાવંત ગુરુદેવશ્રી ! અમે અલ્પ મતિવંત આપશ્રીની મહિમા શું કરીએ ? આપશ્રીએ અમારા જ્ઞાતાસ્વભાવમાં જ આનંદ, જ્ઞાન, વીર્ય આદિ સર્વ કલ્યાણકારી ભાવો પડ્યા છે એમ શ્રદ્ધા-પ્રતીત કરાવીને તેમ જ સર્વ જીવોનો અકર્તા સ્વભાવ છે એમ વિશ્વાસ જગાડીને કર્તાપણાના–કર્તુત્વબુદ્ધિના–અભિમાનના ચૂરેચૂરા કરી દીધાં છે. આપશ્રીએ અનંતા તીર્થંકરો અને આચાર્યો–જ્ઞાનીઓનાં માર્ગનો ઉદ્યોત કરીને તેઓશ્રીનાં કુળને દિપાવ્યું છે. આપશ્રીએ તીર્થંકરોનાં કુળની વટ યથાર્થપણે સાચવી રાખી છે, અકબંધ રાખી છે. હે સર્વોત્કૃષ્ટ ઉપકારી ! આપશ્રી જગતશિરોમણિ છો, જગત્પૂજ્ય વંદનીક છો, સીમંધરદુત અને વીરલઘુનંદન છો તથા કુંદકુંદદેવનાં પરમ ભક્ત છો. આપશ્રી સદા જયવંત વર્તો ! વિજયવંત રહો ! આપશ્રીનાં શ્રીમુખેથી નિજ જ્ઞાયકસ્વરૂપ સુણીને અમે સર્વ ભક્તો અમારું જીવન કૃતાર્થ કરીશું, પવિત્ર–પાવન–નિર્મળ ને શુદ્ધ કરીશું.

વાગે છે જ્ઞાનવાજાં, ગુરુરાજનાં મંદિરીયે...
ગુરુરાજનાં મંદિરીયે, સ્વાધ્યાય સુમંદિરીયે... વાગે છે જ્ઞાનવાજાં...૧
પ્રભુ સુવર્ણપુરીમાંહી, અચિંત્ય જ્ઞાન ખીલવી;
સૂક્ષ્મ ન્યાયો પ્રકાશી, જ્ઞાનજ્યોતિને જગાવી... વાગે છે જ્ઞાનવાજાં...૨
મુખથી છૂટે છે ધ્વનિ, અમૃત સમી એ વાણી;
સુણતાં આનંદ થાયે, હૃદય વિકસિત થાયે... વાગે છે જ્ઞાનવાજાં...૩
દિવ્યધ્વનિનો નાદ છૂટ્યો, ચારે દિશાએ પ્રસર્યો;
મહિમા કરું શી તેરી ? અલ્પ મતિ છે મેરી... વાગે છે જ્ઞાનવાજાં...૪

શ્રી તીર્થધામ માંહી, જયકાર નાદ ગાજે;
અનુભવ પ્રકાશી આજે, સત્ વસ્તુને બતાવે... વાગે છે જ્ઞાનવાજાં...૫
શુદ્ધજ્ઞાન જ્ઞાતા માંહી, શ્રદ્ધા પ્રતીત કરાવે;
અકર્તાપણું છે તારું, એ વાતને મલાવે... વાગે છે જ્ઞાનવાજાં...૬
ભગવાન કુંદકુંદનું, શાસન વર્તે છે જયવંત;
તુજ કુળને દિપાવ્યું, ગુરુ કહાનદેવ વિજયવંત... વાગે છે જ્ઞાનવાજાં...૭
જગતશિરોમણિ છો, જગપૂજ્ય વંદનીક છો;
વીતરાગદેવ વીરનાં, ગુરુ આપ લઘુનંદન છો... વાગે છે જ્ઞાનવાજાં...૮
ઈન્દ્રો અને નરેન્દ્રો, માંહો માંહે વાત કરતા;
આ ભરતક્ષેત્ર માંહી, એ વીર કોણ જાગ્યો ?... વાગે છે જ્ઞાનવાજાં...૯
ચાલો સહુ મળીને, સુવર્ણપુરી જઈએ;
જ્ઞાયકસ્વરૂપ સુણીને, જીવન કૃતાર્થ કરીએ... વાગે છે જ્ઞાનવાજાં...૧૦
ભક્તિ કરવાને તારી, શરણે આવ્યો હું વારી;
દીનહાથ ગ્રહો કૃપાળુ, મુજ રંકને ઉગારી... વાગે છે જ્ઞાનવાજાં...૧૧

***

હે અનુપમ સાધક ! આપશ્રીનું જીવન કેવું અલૌકિક અદ્ભુત હતું ! આપશ્રીનાં નિરંતર જ્ઞાન–વૈરાગ્યે રંગાયેલા અને અતીન્દ્રિય સુખના રસપાન કરનારા સુખરસિયા હતાં. ભેદવિજ્ઞાનના અપૂર્વ પુરુષાર્થ વડે સહજ સ્વરૂપને પામ્યાં હતાં. આવા વિરલ ગુરુદેવશ્રીને અમો પૂર્વના મહાપુણ્યે પામીને ધન્ય બન્યા છીએ. બસ, હવે એક જ ભાવના છે કે આપશ્રીની કલ્યાણકારી વાણી સાંભળી, નિજ ધ્યેય તત્ત્વને બીજાથી જુદો જાણી, આ ભવસમુદ્રમાંથી અમારા આત્માને ઉગારી લઈએ. આપશ્રીએ આત્મસાધનાનાં અજર-અમર પ્યાલા પીધાં છે અને અમોને પણ પીવડાવ્યાં છે. અમારી પર્યાયે-પર્યાયે વ્યાપેલા આપશ્રીનાં આ ઉપકારો ક્યારેય વિસ્મૃત થવાના નથી, થઈ શકે તેમ નથી. અમ જેવા પામર જીવોને ઉગારવા આપશ્રી નિરંતર મીઠાં મંગલ આશિષ આપતાં રહો, સદા

નિષ્કારણ કરુણાનો ધોધ વરસાવતાં રહો અને અમ ભક્તો ઉપર નિત્ય અમીદ્રષ્ટિ રહે એ જ પ્રાર્થના છે.

ગુરુ મારો જ્ઞાન વૈરાગ્યે રંગ્યો રે, ચૈતન્ય સુખનો રસિયો... ગુરુ...
ઉત્તમ સંસ્કારોને કારણે, સહજ સ્વરૂપે ઠર્યો રે;
ભેદ વિજ્ઞાને અજોડ પુરુષાર્થે, કેવો મસ્ત બન્યો રે... ગુરુ... ૧
મહા પૂર્વ પુણ્યના ઉદયે, આવો વિરલો ગુરુ મળીયો રે;
એની વાણીથી ધ્યેય સમજી, નિજ આત્મ લઉં ઉગારી... ગુરુ...૨
બાળબ્રહ્મચારી સમ્યક્ ધારી , જ્ઞાન દશાએ ખીલ્યો રે;
અજર પ્યાલા પીવે પીવડાવે, જિનેન્દ્ર ભક્તિમાં ભીંજ્યો રે... ગુરુ...૩
મીઠાં મીઠાં આશિષ દેજો, અમ જેવાને ઉગારવા;
આતમલક્ષ્મીનો લાભ કરાવી, આ કાફલો સિદ્ધપુર પહોંચાડજો...ગુરુ...૪

***

હે જગતારણહાર ! આપશ્રીની ભક્તોને નિર્ભય-નીડર બનાવતી પવિત્ર વાણી પ્રચુર પ્રીતિ સહિત સાંભળી, મનન કરી, અતીન્દ્રિય અલૌકિક આત્મજ્ઞાન પામીએ અને પછી નિજ જ્ઞાયકસ્વરૂપમાં પૂર્ણ લીનતા કરી કેવળજ્ઞાન પામીએ એ જ અભિલાષા છે.

હે ગુરુરાજ ! આપશ્રી જ્ઞાનનાં સમુદ્ર અને સમતાનાં સાગર છો. આપશ્રીનાં ઉપકારોની યાદી કેટલી બનાવીએ ? પૃથ્વી જેટલો કાગળ લઈએ, વનનાં વૃક્ષોની કલમો બનાવીએ અને સમુદ્રોનાં નીરની શાહી બનાવીએ તો પણ આપશ્રીનાં ગુણો-ઉપકારો વર્ણવી શકાય એમ નથી. બસ, લાખો વાર, ક્રોડો વાર, અનંત વાર વંદન... પ્રણમન... અભિવંદન...

સુખશાંતિ પ્રદાતા, જગના ત્રાતા, કહાન ગુરુ મહારાજ;
જનભ્રાંતિ વિધાતા, તત્ત્વોના જ્ઞાતા, નમન કરું છું આજ...

જડતાનો આ ધરણી ઉપર, હતો પ્રબળ અધિકાર;
કર્યો ઉપકાર અપાર પ્રભુ ! તેં, પ્રકાશ્યા શાસ્ત્ર ઉદાર રે... સુખ.. ૧

વરસાવી નિજ વચન સુધારસ, કર્યો સુશીતલ લોક;
સમયસારનું પાન કરીને, ગયો માનસિક શોક રે... સુખ..૨

ગુરુવાણીનું મનન કરીને, પામું અલૌકિક ભાન;
ક્ષણે ક્ષણે હું જ્ઞાયક સમરું, પામું કેવળજ્ઞાન રે... સુખ..૩

તારું હૃદય ગુરુ ! જ્ઞાન–સમતાનું, રહ્યું નિરંતર ધામ;
ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે... સુખ..૪

***

હે મંગલકારી ગુરુદેવશ્રી ! આપશ્રીએ દૂર...દૂર...દૂરના દેશે વિહાર કર્યો છે, પણ અમ અંતરમાંથી એક સમયમાત્ર પણ દૂર નથી ગયા – ખસ્યા નથી. અમારા હૃદયસિંહાસને આપશ્રીને બિરાજમાન કર્યાં છે ત્યાંથી આપશ્રી કેમ કરીને દૂર જઈ શકશો ? ભાવના ભર્યાં ભક્તોને કઈ રીતે તરછોડી શકશો ? અહોરાત્ર નિરંતર અમો આપશ્રીનાં પાવન દર્શન અને ચરણસેવાની વાટ જોઈએ છીએ. આશા જ નહીં, અંતરનો દ્રઢ વિશ્વાસ છે કે એક દિવસ તો મંગલમય દર્શન દેવા અને સ્વાનુભવસભર વાણી વરસાવવાં આપશ્રી પુનઃ અહીંયા પધારશો..... પધારશો..... અને પધારશો જ.....

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધારો રે...
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસાવો રે...
નિશદિન ગુરુજીની વાટ અમે જોતાં,

અમ અંતરિયામાં દર્શનની આશા;
સુવર્ણે પધારો પુનઃ કૃપાળુદેવા રે...
અનુભવવાણી ને દર્શન દેવા રે...
ભવ ભવ હોજો ગુરુચરણોની સેવા રે...

***

હે ચાંદલિયા ! અમ ભક્તોનો એક ભાવના ભર્યો સંદેશ ગુરુદેવશ્રીને પહોંચાડીશને ? અમારા એટલા પુણ્ય નથી કે પ્રત્યક્ષ સમાગમ થાય–મળવાનો યોગ બને અને દેવયોગે પાંખ મળી નથી કે જેથી ઉડીને તેઓશ્રીનાં ચરણકમળમાં પહોંચીએ. તેથી અમ સેવકોની પ્રેમભરી વિનંતી સંભળાવજે.

ચંદ્રમા પ્રશ્ન પૂછે છે : શાસનશણગાર ગુરુદેવશ્રી ક્યાં બિરાજમાન હશે ?

ઉત્તર : હે શશિયર ! ઇન્દ્ર સમાન શોભતા એ દેવ સ્વર્ગપુરીના વૈમાનિક સ્વર્ગમાં બિરાજે છે. કદાચ ત્યાં ન મળે તો જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં જજે. શ્રી સીમંધર ભગવાનનાં સમવસરણમાં જ્યાં વૈમાનિક દેવોની સભા છે ત્યાં અમારા તારણહાર ગુરુદેવશ્રીનાં બેસણાં હશે.

પ્રશ્ન : ગુરુદેવશ્રીને ઓળખવા કઈ રીતે ?

ઉત્તર : જેઓશ્રીને સીમંધરપ્રભુનાં દર્શનથી અપાર તૃપ્તિ થઈ છે અને જેઓશ્રી પ્રભુની દિવ્ય ધ્વનિની અમૃતધાર ભાવવિભોર થઈને, ભાવનાથી ભીંજાઈને ઝીલે છે તે જ અમારા ગુરુવર.

પ્રશ્ન : પણ સંદેશો શું આપવો છે ?

ઉત્તર : હે આદર્શ સાધક ગુણમૂર્તિ ગુરુવર ! આપશ્રી સેવકોને છોડીને ચાલ્યાં ગયાં છો – નયનોથી દૂર થયાં છો, પણ

અમ અંતરમાં તો હજુ પણ નિત્ય બિરાજી રહ્યાં છો. અમો સર્વે અમારા જ્ઞાનનયન વડે આપશ્રીનાં દર્શન નિરંતર કરીએ છીએ. જે કાંઈ હવે અલ્પ ભવ બાકી છે તેમાં આપશ્રીનું સાન્નિધ્ય–શરણ હો, આપશ્રીની નિશ્રા હો, આપશ્રીનાં ચરણકમળની સેવના હો અને આપશ્રીની કલ્પવૃક્ષ સમાન શીતળ છાયમાં આત્મસાધના–આરાધના–ઉપાસના હો. હે અનંત ઉપકારી ભાવિ ભગવંત ! અમે સૌ આપશ્રીનાં બાળકો–ભક્તજનો નિશ્ચિતપણે, ચોક્કસપણે, અવશ્ય આપશ્રીએ બતાવેલ નિજ પરમ પારિણામિકભાવની – પંચમભાવની – શુદ્ધાત્માની – સાધના સાધીને સાદિ-અનંતકાળ સિદ્ધાલયમાં આપશ્રીની સાથે અને આપશ્રીની પાસે અનંત–અનંત સમાધિસુખને અનુભવશું.

ચાંદલિયા ! સંદેશ દેજે ગુરુદેવને,
વસી રહ્યાં છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતાં,
ઇન્દ્ર સરીખા શોભી રહ્યાં એ દેવ જો... ચાંદલિયા...૧

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતાં,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક પરિષદમાં ગુરુવર બેસણાં,
ભાવભીનાં ઝીલે ધ્વનિ અમૃતધાર જો... ચાંદલિયા...૨

ગુરુજી ! તારા પડ્યા વિરહ વસમા ઘણા,
તારણહાર થયાં નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી ચાલ્યાં ગયાં,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ ! જો... ચાંદલિયા...૩

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ–ગુરુની સાથ જો... ચાંદલિયા... ૪

***

હે વહાલા કહાનગુરુદેવ ! આપશ્રી તો તીર્થંકરો અને ગણધરોના દેશનાં વસનારાં હતાં. અમારા ઉપર પરમ કરુણા કરી અમ જેવા રંક–પામરના આંગણે પધાર્યાં હતાં. છતાં ન તો અમે મન–વચન–કાય વડે પૂર્ણ અર્પણતા કરી કે ન તો આપશ્રીની નિષ્કારણ કરુણાનો લાભ લીધો. આ દોષની ક્ષમા કરી આપશ્રી પુનઃ પધારો એવી વિનવણી કરીએ છીએ. હે અધ્યાત્મકલ્પવૃક્ષ ! ચૈતન્યચિંતામણિ ! આપશ્રીનાં ગુણો શું ગાઈએ ? અરે ! આ કાળે આપશ્રીનાં દર્શન મળવા પણ દુર્લભ હતાં, છતાં આપશ્રીએ આ પંચમકાળે અતિશય ઊંડા અને ગંભીર રહસ્યમય સત્યવાણીની અમૃતવર્ષા વરસાવી હતી. આપશ્રી તો જિનવાણી માતનાં અણમોલા પુત્ર હતાં ને આત્માર્થી જીવોનાં અનુપમ નેત્ર હતાં. આપશ્રી પુનઃ ફરીને અમૃતવાણી વરસાવવાં ને દર્શન આપવાં પધારો..પધારો..પધારો...

કહાનગુરુજી ! વહાલા પુનઃ પધારજો !....
સીમંધર–ગણધરનાં સત્સંગી તમે,
આવ્યાં રંકઘરે શો પુણ્યપ્રભાવ જો;
અર્પણતા પૂરી ના અમને આવડી,
લેશ ન લીધો ઉરકરુણાનો લાવ જો...કહાનગુરુજી..૧

સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતાં,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો...કહાનગુરુજી..૨

અણમૂલા સુતનુઓ શાસનદેવીનાં,
આત્માર્થીની એક અનુપમ આંખ જો;
સંત સલૂણા ! કલ્પવૃક્ષ ! ચિંતામણિ !
પંચમ કાળે દુર્લભ તવ દિદાર જો...કહાનગુરુજી..૩

***

ગુણસાગર ગુરુદેવશ્રીનાં ગુણોની ગાથા કઈ રીતે લખી શકાય ? કહી શકાય ? વર્ણવી શકાય ? અક્ષર થોડાં છે, કાળ અલ્પ છે, મતિ ન્યુન છે અને ગુણ અનંત–બેહદ–અપાર–અપરિમિત છે. તેથી તેઓશ્રીનાં ગુણો મુખથી કહી શકવા યોગ્ય નથી તેમ જ અક્ષર વડે લખી શકાય એમ નથી. એ તો જેની હોનહાર ઉજ્જ્વળ છે તે જ મંગલકારી ગુરુદેવશ્રીનું નામ એકાગ્ર ચિત્ત થઈને લે છે અને તેઓશ્રીનાં પવિત્ર ગુણોનું ધ્યાન કરે છે તથા તેને જ તે ગુણો અંતરમાં ઓળખાય છે ને પ્રાપ્ત થાય છે. ફરી ફરીને પૂજ્ય ગુરુદેવશ્રીને ભક્તો વિનંતી કરે છે કે હે તારણહાર ! મારી આત્મપરિણતિરૂપી શુદ્ધ શેરીમાં આપશ્રી પધારો. હું આપશ્રીની વાટ જોઉં છું. હું હવે સ્વચ્છંદતા છોડી આપશ્રીનાં ચરણકમળમાં મારું સર્વસ્વ અર્પણ કરું છું. આપશ્રીનાં વિરહની વેદના મારાથી સહન થઈ શકતી નથી. આપશ્રીનાં વિરહમાં મારે એક ઘડી તો એક યુગ જેવી થઈ પડી છે. હે સેવકશણગાર ! હે જ્ઞાનનિધિ ! જ્ઞાન પ્રગટાવવા, મને પાવન કરવા અને ત્રિવિધ તાપને ટાળવા માટે ત્વરાથી શીઘ્ર અમ આંગણિયે સુર્વણપુરીમાં પધારો..પધારો..પધારો.

મારા જીવન તણી શુદ્ધ શેરીએ ગુરુ આવોને,
હું તો જોઉં વાલમની વાટ મારા ઘેર આવોને... ૧

મારા ચંદનના ચિત્ત ચોકમાં ગુરુ આવોને,
મારા આતમ સરોવર ઘાટ મારા ઘેર આવોને...૨

મેં છોડી સ્વચ્છંદતા માહરી ગુરુ આવોને,
ગુરુ ચરણે કર્યું દિલ ડુલ મારા ઘેર આવોને...૩

મને વ્યાપી વિરહ તણી વેદના ગુરુ આવોને,
મારાથી ખમી ન ખમાય મારા ઘેર આવોને...૪

મારે એક ઘડી એક યુગ થઈ ગુરુ આવોને,
ગુરુ દરશન દેવાને દયાળ મારા ઘેર આવોને...૫

જ્ઞાનનિધિ જ્ઞાન પ્રગટાવવા ગુરુ આવોને,
મને પાવન કરો ધરી પાદ મારા ઘેર આવોને...૬

તમે મારા નયનનાં તારલા ગુરુ આવોને,
મારા હૈયાના અણમૂલા હાર મારા ઘેર આવોને...૭

આ ત્રિવિધ તાપને ટાળવા ગુરુ આવોને,
સંત સેવક તણા શણગાર મારા ઘેર આવોને...૮

*********

